eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 321
July 20, 2012

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૪/૦૭/૨૦૧૨ ના રોજ આંજણા શહેરી આરોગ્ય કેન્દ્ર, ડુંભાલ ટેનામેન્ટ પાસે, મીઠીખાડી, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન તા.૧૮/૦૭/૨૦૧૨ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતુ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૪/૦૭/૨૦૧૨ ના રોજ આંજણા શહેરી આરોગ્ય કેન્દ્ર, ડુંભાલ ટેનામેન્ટ પાસે, મીઠીખાડી, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત એસ.દેસાઈ, લિંબાયતઝોનના ઝોનલ ઓફીસર શ્રીઆશિષભાઈ દુબે, નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી, ડો.એસ.કે.દાસ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, આંજણા, લિંબાયત,ઉમરવાડા, અને ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો આંજણા શહેરી આરોગ્યની આસપાસ વિસ્તારના **કુલ ૫૩૯** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૫૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૬૨, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૪૧, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૮૫, ફિઝીશ્યન દ્વારા ૧૩૪, સર્જન દ્વારા ૦૪, મેડીકલ ઓફીસર દ્વારા ૬૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૮૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૨ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૨૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૨૫, ઓરલ પીલ્સ ૩૦ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જી., ૦૨ બાળકોને ડીપીટી, ૦૩ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૨૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર શ્રીએમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ :–** આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૨૧/૦૭/૧૨ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મરોડ, પુણા પોલીસ ચોકી પાસે, પુણા, સુરત, ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન તા.૧૮/૦૭/૨૦૧૨ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ માન.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈએ લીલી ઝંડી ફરકાવી કરાવ્યો હતો. સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના ૪ વયગૃપ મળી ૧૨૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | ધ્રુવ જીતેન્દ્ર મોદી | ડોલ્ફી બકુલભાઈ સારંગ |
| દ્વિતીય | નિલય બકુલભાઈ કાનીશ્કર | પલક ભરતભાઈ ટંડેલ |
| તૃતીય | પટેલ અનિકેત જયેશભાઈ | પ્રાચી રાજન રૂદલાલ |
| આશ્વાસન | નિતાઈ રાજીવ રાંદેરીયા | મોનીસ્કા નિતીનભાઈ કોરાન્ને |

**વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | જેનિલ હેતલભાઈ મહેતા | ગગનદીપ કૌર ટાંક |
| દ્વિતીય | હર્ષલ વિનોદભાઈ સારંગ | રાશિ નિહાર પટેલ |
| તૃતીય | સેલર ભાવિક અનિલભાઈ | ખુશ્બુ રમેશભાઈ સેલર |
| આશ્વાસન | સેલર ભાર્ગવ ચિરાગભાઈ | અવની બકેશ ફાયગ |
| '' | દીપ દક્ષેશભાઈ શાહ | – |

બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને માન.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ, શાસકપક્ષનેતાશ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ઉપાધ્યક્ષશ્રી ભવાનભાઈ સીસારા, મ્યુ.સભ્યશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, શ્રી વિજયભાઈ માસ્તર, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીસન્મુખભાઈ જીનવાલા, શ્રી કનૈયાભાઈ છત્રપતિના હસ્તે રોકડ પુરસ્કાર, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમની ગીફ્ટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, ડીકસનરી, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પ્રાર્થનાપોથી, કીચન, ''તરણામાંથી મેર'' અને આશ્રમની માહિતી પુસ્તિકાઓનું કેરી બેગ સાથે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP